# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC

**એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.**

## પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮ ની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૮-૦૯-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો / સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચૂકવણી) નિયમ ૨૦૦૮ ના નિયમ-૧૯ મુજબ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચનાલયનાં તાબા હેઠળની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ બાદ 'નોન-રિપોર્ટીંગ', 'નોન-એલોટમેન્ટ' તેમજ પ્રવેશ રદ ને કારણે ખાલી રહેલી બેઠકોનો પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

(અ) પ્રથમ વર્ષ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૭ ના મેરીટ સમાવિષ્ટ **તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.** આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ www.gujacpc.nic.in ઉપર પોતાના લોગીન આઈડી (Login ID) ની મદદથી પ્રવેશ સમિતિએ નિયત કરેલ સમયમર્યાદામાં ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન સંમતિ આપ્યા બાદ રજીસ્ટ્રેશન ડિટેઈલમા જઈ અને સંમતિ આપ્યા બાબતનો પત્રની પ્રિન્ટ આઉટ લેવાની રહેશે.

(બ) જે ઉમેદવારોએ અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ નથી / મેરીટમાં સમાવિષ્ટ ન હોય અને જરૂરી લાયકાત ધરાવતા ઉમેદાવારોએ એસીપીસી ખાતેથી રૂા. ૩૫૦/- રજીસ્ટ્રેશન ફી ભરી અને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

સંમતિ આપનાર ઉમેદવારો (અ) અને નવા રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારો (બ) ની એક નવી સામાન્ય મેરીટ યાદી, (Common Merit List) સરકારશ્રીના નિયમોનુસાર બનાવવામાં આવશે જેમાં **નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની આવશે :**

(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની મેરીટ યાદીમાં સમાવિષ્ટ હોય

(૨) ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને GUJCET-2017 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તેમજ નવુ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારો.

(૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા GUJCET-2017 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય

(૪) AICTE, New Delhi ની ગાઈડ લાઈન પ્રમાણે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ફાર્મસી / ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો.

(૫) બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ GUJCET-2017 પ્રાવેશીક પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો.

નવી સામાન્ય મેરીટ યાદી, (Common Merit List) તા. ૨૦-૦૯-૨૦૧૭ ના રોજ www.jacpcldce.ac.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે અને તે મુજબ બેઠકોની ફાળવણી કરવામાં આવશે. આ બેઠકો માટે પ્રવેશ ઉચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન સંમતિ આપ્યા બાબતના પત્રની પ્રિન્ટ આઉટ અને નવા રજીસ્ટર થયેલ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ડિટેઈલની નકલ સાથે રૂબરૂમાં પ્રવેશ સમિતિ, અમદાવાદ ખાતે **તા. ૨૦-૦૯-૨૦૧૭ ના રોજ જાહેર થનાર નવી મેરીટ યાદીના મેરીટ ક્રમાંક મુજબ નીચે દર્શાવેલ સમય પત્રક અનુસાર સરકારી, અનુદાનીત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકોના પ્રવેશ માટે સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડના સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. ઉમેદવારોએ ખાલી રહેલ બેઠકોની યાદી રોજે રોજ એસીપીસીની વેબસાઈટ ઉપર જોતા રહેવું.

વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુસાંગીક સરકારી, અનુદાનીત, સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી વારંવાર પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો નવો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ ઓફ લાઈન પ્રવેશ માટે પ્રવેશ સમિતિ ખાતે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે. **અગાઉનો પ્રવેશ રદ્ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ "Cancellation of Admission and Refund of Fee" પ્રમાણે થશે.**

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૩-૦૯-૨૦૧૭થી ૧૫-૦૯-૨૦૧૭ | જે ઉમેદવારોએ **અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ નથી / મેરીટમાં સમાવિષ્ટ ન હોય** અને જરૂરી લાયકાત ધરાવતા ઉમેદાવારોને એસીપીસી, અમદાવાદ ખાતેથી રૂા. ૩૫૦/- રજીસ્ટ્રેશન ફી ભરી અને રજીસ્ટ્રેશન કરાવવા માટે. |
| ૨. | ૧૩-૦૯-૨૦૧૭થી ૧૮-૦૯-૨૦૧૭ | ઓનલાઈ રજીસ્ટ્રેશન કરાવેલ **મેરીટ સમાવિષ્ટ** પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ વેબસાઈટ www.gujacpc.nic.in ઉપર પોતાના લોગીન આઈડી (Login ID) ની મદદથી ઓનલાઈન સંમતિ આપવા માટે. |
| ૩. | ૨૦-૦૯-૨૦૧૭ | ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીની સરકારી, અનુદાનીત, સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી બેઠકો માટે નવી સામાન્ય મેરીટ યાદી, (Common Merit List) એસીપીસીની વેબસાઈટ ઉપર જાહેરાત. |

## રૂબરૂ પ્રવેશનો કાર્યક્રમ

| નં. | તારીખ | સમય | નવા મેરીટ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ૨૨-૦૯-૨૦૧૭ | સવારે ૦૯:૦૦ | ૦૧ થી ૫૦૦ |
| ૨ | ૨૨-૦૯-૨૦૧૭ | બપોરે ૧૨:૩૦ | ૫૦૧ થી ૧૦૦૦ |
| ૩ | ૨૨-૦૯-૨૦૧૭ | બપોરે ૦૩:૩૦ | ૧૦૦૧ થી ૧૫૦૦ |
| ૪ | ૨૩-૦૯-૨૦૧૭ | સવારે ૦૯:૦૦ | ૧૫૦૧ થી ૨૦૦૦ |
| ૫ | ૨૩-૦૯-૨૦૧૭ | બપોરે ૧૨:૩૦ | ૨૦૦૧ થી ૨૫૦૦ |
| ૬ | ૨૩-૦૯-૨૦૧૭ | બપોરે ૦૩:૩૦ | ૨૫૦૧ થી તમામ |

**નોંધ :** ઉમેદવારોએ તેઓને ફાળવેલ સમયના ૩૦ મીનીટ પહેલા અચુક હાજર થવાનું રહેશે.

ઉપરોક્ત પ્રવેશ કાર્યક્રમ બાદ પણ જો બેઠકો ખાલી રહેશે તો આગળની કાર્યવાહી ત્યાર બાદ જાહેર કરવામાં આવશે. જેની જાહેરાત પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર **તા. ૨૫-૦૯-૨૦૧૭** ના રોજ કરવામાં આવશે.

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૧૧-૦૯-૨૦૧૭** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**